સોદો BCCIની મંજૂરીને આધિન : રાજસ્થાન રોયલ્સ સૌથી મોંઘી ફ્રેન્ચાઇઝી બનવાની તૈયારીમાં

# રાજસ્થાન રોયલ્સ રૂ. 152820324000માં વેચાઇ

**અમેરિકા** સ્થિત કાલ સોમાણીની આગેવાની હેઠળના જૂથે રાજસ્થાન રોયલ્સ માટે સૌથી મોટી 1.63 બિલિયન ડોલરની બીડ કરી

**કોન્સોર્ટિયમમાં** વોલમાર્ટ ફેમિલીના સભ્ય રોબ વોલ્ટન, ફોર્ડ ફેમિલીના સભ્ય હેમ્પનો પણ સમાવેશ

**અન્ય** બિડર્સમાં ટાઇમ્સ ઇન્ટરનેટના નેતૃત્વ હેઠળના કોન્સોર્ટિયમ, આદિત્ય બિરલા ગ્રુપ, મિત્તલ પરિવારનો સમાવેશ



નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ) : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની પહેલી સિઝનની ચેમ્પિયન ફ્રેન્ચાઈઝી રાજસ્થાન રોયલ્સ અમેરિકા સ્થિત કાલ સોમાણીના નેતૃત્વ હેઠળના કન્સોર્ટિયમને 1.63 બિલિયન ડોલર અર્થાત લગભગ રૂ. 15,290 કરોડમાં વેચવાની તૈયારીમાં છે.

આ કન્સોર્ટિયમમાં વોલમાર્ટ પરિવારના સભ્ય રોબ વોલ્ટન અને ફોર્ડ પરિવારના સભ્ય હેમ્પ પરિવારના સભ્યોનો પણ સમાવેશ થાય છે. એરિઝોના સ્થિત ટેક ઉદ્યોગસાહસિક કાલ સોમાણીએ ઈન્ટ્રાએજ, ટ્રુયો. એઆઈ અને એકેડેમિયન જેવી કંપનીઓની સ્થાપના કરી છે. અન્ય બિડર્સમાં ટાઈમ્સ ઈન્ટરનેટના નેતૃત્વ હેઠળના કન્સોર્ટિયમ, આદિત્ય બિરલા ગ્રુપ અને આર્સેલરમિત્તલના સીઈઓ આદિત્ય મિત્તલના નેતૃત્વ હેઠળના મિત્તલ પરિવારનો સમાવેશ થતો હતો. આ સોદો ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ની મંજૂરીને આધીન રહેશે અને 2026ની આઈપીએલ સીઝન પછી અમલમાં આવશે. બ્રિટિશ-ભારતીય ઉદ્યોગપતિ મનોજ બડાલે હાલમાં ટીમમાં 65 ટકા હિસ્સો ધરાવે છે.

આ બાબતથી વાકેફ એક વિશ્વસનીય સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે કાલ સોમાણી પહેલાથી જ ફ્રેન્ચાઈઝીમાં રોકાણકાર છે. બીસીસીઆઈની મંજૂરી મળ્યા પછી ટૂંક સમયમાં આ સોદો કરવામાં આવશે. 1.63 બિલિયન ડોલરની કિંમત એક બ્રાન્ડ તરીકે આઈપીએલના વિકાસને પ્રતિબિંબિત કરે છે. અન્ય એક સૂત્રએ 2021માં RPSG ગ્રુપને LSGના રૂ. 7,000 કરોડથી થોડા વધુ મૂલ્યના વેચાણની તુલના કરતાં જણાવ્યું હતું કે, જો તમે આઈપીએલમાં નવીનતમ પ્રવેશ કરનાર લખનૌ સુપર જાયન્ટ્સના વેચાણ પર નજર નાખો, તો તે તેના કરતા ઘણું વધારે છે. જે લીગની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે.

તેમણે કહ્યું, મને આશા છે કે આ કરાર આગામી ચારથી પાંચ દિવસમાં જાહેર થઈ જશે. બીજી એક મોટી IPL ફ્રેન્ચાઈઝી, ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, પણ વેચાણ માટે ઉપલબ્ધ છે અને આ સોદો 2 બિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 18,749 કરોડથી વધુ હોવાની શક્યતા છે.

IPL 2026 માટે નવી અને કડક માર્ગદર્શિકા જારી કરાઇ

# મેચના દિવસે પ્રેક્ટિસ પર પ્રતિબંધ, ચપ્પલ પહેરવા બદલ દંડ

**પ્રેક્ટિસના** દિવસોમાં, ખેલાડીઓએ ટીમ બસમાં સ્ટેડિયમ પરપહોંચવું જરૂરી રહેશે

**મહત્વના** ફેરફારમાં ખેલાડીઓ તેમના પરિવારના સભ્યો સાથે મુસાફરી નહીં કરી શકે

### મેચ દિવસના પ્રોટોકોલ અને શિસ્તના નિયમો

મેચ દરમિયાન શિસ્ત જાળવવા માટે, BCCI એ ઘણા ટેકનિકલ નિયમો બનાવ્યા છે. ખેલાડીઓને LED બોર્ડ તરફ બોલ ન મારવાની કે તેમની સામે ન બેસવાની સૂચના આપવામાં આવી છે. વધુમાં, ઓરેન્જ અને પર્પલ કેપ ધારકો માટે નિયમો કડક કરવામાં આવ્યા છે; તેમણે ઓછામાં ઓછી પ્રથમ બે ઓવર માટે કેપ્સ પહેરવી આવશ્યક છે જેથી બ્રોડકાસ્ટર્સ તેમને કેપ્ચર કરી શકે. મેચ પછીની પ્રસ્તુતિઓ દરમિયાન સ્લીવલેસ જર્સી અને ચંપલ પહેરવાની મનાઈ છે. પ્રથમ ગુનામાં ચેતવણી આપવામાં આવશે, અને બીજા ગુનામાં ભારે દંડ થશે.

નવી દિલ્હી, તા. 24 : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આઇપીએલ 2026 માટે નવી અને કડક માર્ગદર્શિકા જારી કરી છે. ટીમ મેનેજરોને મોકલવામાં આવેલી એક નોંધ મુજબ, ટીમો હવે મેચના દિવસોમાં પ્રેક્ટિસ સત્રો યોજી શકશે નહીં. વધુમાં, ખેલાડીઓના પોશાકથી લઈને સ્ટેડિયમમાં તેમના પરિવારોની હિલચાલ સુધી, શું કરવું અને શું ન કરવું તેની વિગતવાર યાદી તૈયાર કરવામાં આવી છે.

બીસીસીઆઈએ સ્પષ્ટતા કરી છે કે મેચના દિવસોમાં મુખ્ય મેદાન પર કોઈ પ્રેક્ટિસ સત્રો નહીં હોય. ટીમોને પ્રેક્ટિસ એરિયામાં બે નેટ અને મુખ્ય ચોક પર રેન્જ-હિટિંગ માટે એક સાઇડ વિકેટ આપવામાં આવશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ જેવા સ્થળોએ, જો બંને ટીમો એક જ સમયે પ્રેક્ટિસ કરશે, તો દરેક ટીમને બે વિકેટ ફાળવવામાં આવશે. વધુમાં, મેચના દિવસોમાં મુખ્ય મેદાન પર કોઈ પણ ખેલાડીના ફિટનેસ ટેસ્ટની મંજૂરી આપવામાં આવશે નહીં.

પ્રેક્ટિસના દિવસોમાં, ખેલાડીઓએ ટીમ બસમાં સ્ટેડિયમ પહોંચવું જરૂરી રહેશે, જોકે ટીમો બે બેચમાં મુસાફરી કરી શકે છે. એક મહત્વપૂર્ણ ફેરફાર એ છે કે ખેલાડીઓ તેમના પરિવારના સભ્યો સાથે મુસાફરી કરી શકશે નહીં. પરિવાર અને મિત્રોને અલગ વાહનોમાં મુસાફરી કરવાની જરૂર પડશે અને તેમને ફક્ત હોસ્પિટાલિટી એરિયામાંથી પ્રેક્ટિસ જોવાની મંજૂરી આપવામાં આવશે. મેદાનની અંદર ખુલ્લા નેટ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# મુંબઈમાં ચેકિંગ દરમિયાન પોલીસે ફરારી અટકાવી, અંદર હાર્દિકને જોતા જ જવા દીધો

**નાઇટ** ચેકિંગમાં ફરારીમાં ડ્રાઇવીંગ સીટ પર હાર્દિકને જોતા જ પોલીસ કર્મી બોલ્યો સાહેબ તમે જવા દો



મુંબઈ, તા. 24 : મહાનગરમાં ગઈકાલે નાઈટ ચેકિંગ દરમિયાન મુંબઈ પોલીસે એક ફરારી અટકાવી પણ એક કોન્સ્ટેબલે ડ્રાઈવીંગ સીટ પર જેવો હાર્દિક પંડ્યાને જોયો કે તરત તેણે કહ્યું કે સાહેબ તમે જાવ. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હાર્દિક રાત્રિના સમયે મુંબઈના રસ્તાઓ પર તેની ફરારી લઈને નીકળ્યો હતો અને તે સમયે પોલીસ બેરિકેડિંગ નજીક એક કાર તેની આગળ હતી અને તેનું ચેકિંગ કર્યા પછી જ્યારે પોલીસ ફરારી પાસે આવી ત્યારે તેને ખબર નહોતી કે અંદર હાર્દિક પંડ્યા છે. જ્યારે પોલીસકર્મીએ હાર્દિકને ડ્રાઈવીંગ સીટ પર જોયો, ત્યારે તેણે તરત જ હસતા ચહેરે કહ્યું, ઠીક છે સાહેબ, જવા દો સાહેબ. હાર્દિક સાથે પોલીસકર્મીએ હાથ પણ મિલાવ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને ચાહકો તરફથી ઘણી ટિપ્પણી કરવામાં આવી રહી છે.

# KKRમાં આકાશદીપ-એડવર્ડ્સના સ્થાને સૌરભ દુબે-પેનનો સમાવેશ

**ચેન્નાઈ** સુપર કિંગ્સે નાથન એલિસના સ્થાને સ્પેન્સર જોન્સનને સામેલ કર્યો

### દિલ્હી કેપિટલ્સને આંચકો આપતા બેન ડકેટ IPLમાંથી ખસ્યો

**બેન ડકેટ** પર આઇપીએલમાં હવે બે વર્ષનો પ્રતિબંધ લાગી શકે

લંડન, તા. 24 (પીટીઆઇ): ઈંગ્લેન્ડના ઓપનર બેન ડકેટે અંગત કારણોસર દિલ્હી કેપિટલ્સ સાથેની તેની IPL 2026 છોડવાનો નિર્ણય લીધો છે. ગયા વર્ષની હરાજીમાં દિલ્હીએ તેને 2 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ડકેટે જણાવ્યું કે એશેઝ સીરીઝમાં નબળા પ્રદર્શન બાદ તે ઘરે સમય વિતાવવા અને લાલ-બોલ ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. જોકે ડકેટ પર હવે આઇપીએલમાં બે વર્ષનો પ્રતિબંધ લાગશે. નવા નિયમો મુજબ, જો કોઇ વિદેશી ખેલાડી હરાજીમાં પસંદ થયા પછી યોગ્ય તબીબી કારણ વગર નામ પાછું ખેંચે, તો તેના પર 2 વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવે છે. 31 વર્ષીય ડકેટે પોતાના આ નિર્ણય માટે દિલ્હી ફ્રેન્ચાઇઝીની માફી માગી છે. હવે તે નોટિંગહામશાયર સાથે કાઉન્ટી ક્રિકેટ રમીને ઇંગ્લેન્ડની ટેસ્ટ સીઝન માટે તૈયારી કરશે.

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની આગામી સીઝન 28 માર્ચથી શરૂ થવા જઈ રહી છે, તે પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)એ પોતાની ટીમમાં મહત્વના ફેરફારો કર્યા છે. ભારતીય ફાસ્ટ બોલર આકાશ દીપ કમરની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે.

આકાશ દીપના સ્થાને KKRએ વિદર્ભના 28 વર્ષીય ડાબોડી ફાસ્ટ બોલર સૌરભ દુબેને 30 લાખ રૂપિયામાં ટીમમાં સામેલ કર્યો છે. સૌરભ અગાઉ SRH ટીમનો ભાગ રહી ચૂક્યો છે, પરંતુ તેને હજુ સુધી IPLમાં ડેબ્યૂ કરવાની તક મળી નથી.

બીજી તરફ, સનરાઈઝર્સ હૈદરાબાદે પણ ઈજાગ્રસ્ત જેક એડવર્ડ્સના સ્થાને ઈંગ્લેન્ડના અનુભવી ફાસ્ટ બોલર ડેવિડ પેન સાથે કરાર કર્યા છે. જેક એડવર્ડ્સ પગની ઈજાને કારણે આખી સીઝન ગુમાવશે, જેને SRHએ હરાજીમાં 3 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ડેવિડ પેન 1.5 કરોડ રૂપિયામાં ટીમ સાથે જોડાશે. પેન પાસે 233 T20 મેચોનો બહોળો અનુભવ છે, જેમાં તેણે 304 વિકેટ ઝડપી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સે તેના ઈજાગ્રસ્ત ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર નેથન એલિસના સ્થાને તેના જ સાથી ખેલાડી સ્પેન્સર જોન્સનને ટીમમાં સામેલ કર્યો છે. તે 1.5 કરોડ રૂપિયામાં CSK સાથે જોડાશે. જોન્સને અત્યાર સુધી ઓસ્ટ્રેલિયા માટે 8 T20 રમી છે.

# IPL 2026 : કેપ્ટન્સ મીટમાં ઈમ્પેક્ટ પ્લેયર સહિતના નિયમો પર ચર્ચા થશે

**મુખ્ય મુદ્દાઓમાં** પ્રતિ ઓવર 2 બાઉન્સર, બેટના કદની તપાસ, બોલ ખોવાઈ જાય ત્યારે બદલવાની પ્રક્રિયા અને લાળના ઉપયોગનો સમાવેશ થાય છે

મુંબઈ, તા. 24 (પીટીઆઈ): બુધવારે IPLની 19મી સીઝન શરૂ થાય તે પહેલા તમામ ટીમના કેપ્ટનોની ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) સાથે મહત્વની બેઠક યોજાશે. આ બેઠકમાં 'ઈમ્પેક્ટ સબસ્ટિટ્યૂટ' નિયમ અને આચાર સંહિતા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. પૂર્વ ભારતીય ખેલાડી જવાગલ શ્રીનાથ (મેચ રેફરીના વડા) અને નીતિન મેનન (અમ્પાયર પેનલના વડા) આ બેઠકને સંબોધિત કરશે.

BCCIના અધિકારીના જણાવ્યા અનુસાર, આ વર્ષે નિયમોમાં કોઈ ખાસ ફેરફાર કરવામાં આવ્યો નથી, પરંતુ નવા કેપ્ટનો અને કોચને નિયમોથી માહિતગાર કરવા માટે આ બેઠક જરૂરી છે. ચર્ચાના મુખ્ય મુદ્દાઓમાં પ્રતિ ઓવર 2 બાઉન્સર, બેટના કદની તપાસ, બોલ ખોવાઈ જાય ત્યારે બદલવાની પ્રક્રિયા, 'રિટાયર્ડ આઉટ' અને લાળના ઉપયોગનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે 2025ની સીઝનથી બોલ પર લાળ લગાવવા પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો, જે આ વર્ષે પણ ચાલુ રહેશે. આ ઉપરાંત, બીજી ઈનિંગમાં બોલિંગ કરતી ટીમ 10 ઓવર પછી ઝાકળની સમસ્યાને પહોંચી વળવા માટે બોલ બદલવાની વિનંતી કરી શકશે. DRSના વ્યાપમાં હાઈટ-બેઝ્ડ નો-બોલ અને વાઈડ-બોલ રિવ્યુનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ સીઝનમાં પણ યથાવત રહેશે.

# રોનાલ્ડોનો 15 વર્ષનો દીકરો 27 વર્ષની મોડેલને ડેટ કરતો હોવાના અહેવાલ

**બ્રાઝિલિયન** મોડલ સાથેના રોનાલ્ડો જૂનિયરના ફોટા સોશિયલ મીડિયા પર ફરતાં થયા



દુબઈ, તા. 24 : દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો હાલમાં ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે ત્યારે તાજેતરમાં તેમના પુત્રનું અંગત જીવન સોશિયલ મીડિયા પર હેડલાઈન્સમાં છે. સોશિયલ મીડિયા પર ફરતા દાવાઓ અનુસાર, ક્રિસ્ટિયાનો જુનિયરે દુબઈમાં 27 વર્ષીય બ્રાઝિલિયન મોડેલને ડેટિંગ કરવાનું શરૂ કર્યું. જોકે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે રોનાલ્ડોનો પુત્ર ફક્ત 15 વર્ષનો છે

અહેવાલો અનુસાર, તેઓ પહેલી વાર દુબઈના એક રેસ્ટોરન્ટમાં મળ્યા હતા, જ્યાં તેણે આત્મવિશ્વાસથી મોડલનો સંપર્ક કર્યો અને આગળ વધ્યા. તે સ્પષ્ટ છે કે તેની હિંમતે તરત જ મોડેલનું ધ્યાન ખેંચ્યું, અને તે તેના આકર્ષણનો પ્રતિકાર કરી શકી નહીં. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે તે ક્રિસ્ટિયાનો જુનિયરની ખૂબ મોટી ચાહક અને સમર્થક છે, જેના કારણે તેમનું જોડાણ વધુ સરળ બન્યું. ક્રિસ્ટિયાનો જુનિયરના આ મોડલ સાથેના ફોટા સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા.

# યશ દયાલ ગંભીર આરોપને પગલે RCB સાથે નહીં જોડાય

**જોકે યશ** આરસીબી સાથે કોન્ટ્રાક્ટમાં રહેશે પણ IPLની મેચો રમશે નહીં : મો બોબાટ

**યશ** દયાલ સામે સગીરા સહિતના જાતિય શોષણના બે કેસ ચાલતા હોવાથી નિર્ણય લેવાયો



બેંગ્લુરુ, તા. 24 (પીટીઆઈ): રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના ડાયરેક્ટર ઓફ ક્રિકેટ મો બોબાટે મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે ફાસ્ટ બોલર યશ દયાલ આગામી IPL સીઝનમાં ટીમ સાથે જોડાશે નહીં. જોકે, તે હજુ પણ ફ્રેન્ચાઈઝી સાથે કોન્ટ્રાક્ટમાં રહેશે. 28 વર્ષીય યશ દયાલ હાલમાં જાતીય શોષણના બે ગંભીર આરોપો અને કાનૂની કેસનો સામનો કરી રહ્યો છે, જેમાં એક સગીર વયની કિશોરીનો પણ સમાવેશ થાય છે.

મો બોબાટે જણાવ્યું હતું કે, દયાલની વ્યક્તિગત સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે કે હાલના તબક્કે તેનું ટીમ સાથે જોડાવું તેના અથવા ફ્રેન્ચાઈઝીના હિતમાં નથી. અમારી પાસે યશને કાઢી મૂકવાનો વિકલ્પ હતો પરંતુ અમે તેને 'રિટેન' કર્યો, જે દર્શાવે છે કે ફ્રેન્ચાઈઝી તેને સપોર્ટ કરી રહી છે અને તેને ટીમનો હિસ્સો માને છે.

નોંધનીય છે કે ગત વર્ષે RCBને ચેમ્પિયન બનાવવામાં દયાલે મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ તેના પર આ આરોપો લાગ્યા ત્યારબાદ તેણે કોઈ પણ સ્પર્ધાત્મક ક્રિકેટ રમી નથી.

# ઓસ્ટ્રેલિયન મૂળનો રાયન ભારતીય ફૂટબોલ ટીમમાં સામેલ

**હોંગકોંગ** સામેની મેચ માટે 23 સભ્યોની ટીમ જાહેર

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): કોચીમાં 31 માર્ચના રોજ હોંગકોંગ સામે રમાનારી AFC એશિયન કપ ક્વોલિફાયર મેચ માટે હેડ કોચ ખાલિદ જમીલે 23 સભ્યોની ભારતીય ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં ઓસ્ટ્રેલિયામાં જન્મેલા વિંગર રાયન વિલિયમ્સનો સમાવેશ સૌથી મહત્વનો છે. FIFA દ્વારા મંજૂરી મળ્યા બાદ 31 વર્ષીય વિલિયમ્સ હવે ભારત તરફથી રમવા માટે લાયક ઠર્યો છે. અરાતા ઈઝુમી પછી તે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર બીજો વિદેશમાં જન્મેલો ખેલાડી બનશે. વિલિયમ્સ અગાઉ ઈંગ્લેન્ડની ફુલ્હામ અને આર્સેનલ જેવી ક્લબમાં રમી ચૂક્યા છે અને હાલમાં બેંગલુરુ FC તરફથી રમે છે. જોકે ભારત એશિયન કપની રેસમાંથી બહાર થઈ ગયું છે, પરંતુ કોચ જમીલ આ મેચ દ્વારા ભવિષ્યની ટીમ તૈયાર કરવા માગે છે. ટીમનો કેમ્પ મંગળવારથી કોચીમાં શરૂ થયો છે.

**ભારતીય ટીમ :**

ગોલકીપર્સ: અલ્બિનો ગોમ્સ, ગુરપ્રીત સિંહ સંધુ, વિશાલ કૈથ. ડિફેન્ડર્સ: અભિષેક સિંહ ટેકચમ, આકાશ મિશ્રા, અનવર અલી, બિજોય વર્ગીસ, નિખિલ પૂજારી, રાહુલ ભેકે, રોશન સિંહ નાઓરેમ, સંદેશ ઝિંગન. મિડફિલ્ડર્સ: આશિક કુરુનિયન, ડેનિશ ફારૂક ભટ્ટ, જેક્સન સિંહ થોનાઓજમ, લાલેંગમાવિયા રાલ્ટે, સહલ અબ્દુલ સમદ. ફોરવર્ડ્સ: એડમંડ લાલરિડિકા, ફારૂખ ચૌધરી, લાલિયાનઝુઆલા છાંગ્ટે, લિસ્ટન કોલાકો, મનવીર સિંહ, રહીમ અલી, રાયન વિલિયમ્સ.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | ૪ | | ૯ | |
| | | ૭ | | | ૫ | | | ૨ |
| ૬ | ૯ | ૪ | | | ૮ | ૧ | | ૫ |
| ૫ | | ૧ | | ૮ | ૭ | ૪ | ૨ | |
| ૪ | ૬ | ૯ | ૫ | | ૧ | | | ૩ |
| ૮ | | ૨ | ૪ | ૯ | | ૫ | ૧ | ૬ |
| | | | | ૧ | ૯ | | | ૪ |
| ૭ | | ૮ | ૩ | ૫ | | | ૬ | |
| | ૧ | | | ૪ | | ૨ | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### પેટમાં ગોળો

અપચો સાથે ગેસ, વાયુનો ગોળો પેટમાં ચઢી દુખાવો અને ક્યારેક તો હૃદયરોગની શંકા ઊભી કરી જીવને દ્વિધામાં નાંખે છે. દીકામાલિ, સંચળ અને અજમો સરખા ભાગે લઈ વાટી ચૂર્ણ કરવું. બે ગ્રામ ચૂર્ણ પાણી સાથે લઇ લો. રાહત થશે.

## આજનું પંચાંગ

**તા. 25/03/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : સાતમ: 13:51
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર-04
**યોગ :** સૌભાગ્ય **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** મૃગશીર્ષ:- 17:34
**રાશિ:** મિથુન (ક,છ,ઘ)
**દિવસ :** મિશ્ર- વાસંતી દુર્ગાપૂજા પ્રારંભ- બંગાળ-શુક્રમેષ: 29:10
**સુરતમાંસૂર્યોદય:**06:40 **સુરતમાંસૂર્યાસ્ત :**18:50
**નવકારસી :** 07:28
**પારસી વર્ષ :** 1395 આવાં માસનો 13મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** રચનાત્મક કામ પાર પડશે. આનંદોત્સવમાં ભાગ લેવાનું બને. વહીવટી કુશળતાથી યશ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** ક્રોધ અને વાણી પર કાબૂ રાખવો. રોકાણમાં ધીરજ રાખવી. આવક વધારવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** નવા સંબંધો મજબૂત બને. સમાજમાં માન વધે. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે.

**કર્ક (ડ,હ,):** માનસિક અશાંતિ અને ખર્ચા વધશે. પ્રવાસમાં સાવધાન રહેવું. શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. શેર બજારમાં ધીરજથી કામ લેવું. અચાનક તક મળશે.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજમાં યશ મળે. વેપારમાં આવક વધે. નવા ઘર, કે સંપત્તિનાં કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** પ્રવાસ, પર્યટન, કાયદા કાનૂન, ઉચ્ચ શિક્ષણ વિદેશ વેગેરેને લગતાં કામમાં લાભ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્યનું ધ્યાન રાખવું. પડવા-વાગવાથી સાવધાન. ખર્ચા વધશે. ધર્મ-કર્મ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ભાગીદારીમાં લાભ રહે. ઘરમાં ઉત્સવ જેવું રહે. ઉંમર લાયકના વિવાહ થાય.

**મકર (ખ,જ,):** આંખની કાળજી રાખવી. નોકરીમાં નવી જવાબદારી વધે. અચાનક લાભ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રેમ વિવાહની શક્યતા વધશે. નવા મિત્રોથી સાવધાન. અચાનક સફળતા મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકરીમાં નવા ફેરફારથી રાહત થાય. ઘરમાં મહેમાનોની અવરજવર વધશે.

### કોઈ પણ સાલમાં 25 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં નવી તક ઊભી થાય. ટેકનોલોજીના લાભ મળે. આવક વધે. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. સમાજમાં માન વધે. કુટુંબ- પરિવારની અપેક્ષાઓ સંતોષી શકાય. આરોગ્ય-સામાન્ય રહે. કાયદા કાનૂન બાબતે મદદ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા ઘર, વાહન, બાબતે પ્રગતિ થાય. સંતાનોનાં કામ થાય. આવક વધારવાના પ્રયત્નો સફળ રહે. વારસો, જાયદાદ, જમીનનો કામ પાર પડે. યાત્રા, પ્રવાસ, ધર્મ, કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 7,16,25 તારીખ નવો કામ માટે અનુકૂળ રહે. સફેદ, ગુલાબી રંગનો ઉપયોગ કરતા રહેવું. ઓગસ્ટ- સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખે નવાં કામ ટાળવો. લાલ, લીલા રંગનો ઉપયોગ ઓછો કરવો.

## અનુસંધાન... પાના પહેલાનું

### પશ્ચિમ એશિયા...

હતું. મણે કહ્યું કે સરકાર તમામ ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી ગેસ અને ક્રૂડ ઓઈલ મેળવવાનો પ્રયાસ કરી રહી છે અને ભારપૂર્વક જણાવ્યું કે આગામી દિવસોમાં પણ આ પ્રયાસો ચાલુ રહેશે. તેમણે નોંધ્યું હતું કે ખાતરનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જરૂરી તૈયારીઓ કરવામાં આવી છે. બીજી તરફ, કોંગ્રેસે વડાપ્રધાન પર નિશાન સાધતા કહ્યું છે કે સંકટ પર તેમનું નિવેદન સ્વ-પ્રશંસાથી ભરેલું તૈયાર લખાણ હતું, જેમાં તેમણે છેલ્લા 11 વર્ષમાં જે હાંસલ કર્યું હોવાનું દાવો કર્યો છે તેની જ વાત હતી.

### આગામી પાંચ...

છે. કતાર મોટાભાગનો ગેસ નિકાસ કરે છે, જ્યારે ઈરાન તેનો સ્થાનિક ઉપયોગ કરે છે. 'અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ઈરાની ગેસ ફિલ્ડને 'સંપૂર્ણપણે' ઉડાવી દેવાની તેમની ધમકીઓથી પીછેહઠ કરતા જણાય છે - પરંતુ આ ભૌગોલિક હકીકતે (કે બંને દેશો એક જ ગેસ રિઝર્વોયરનો ઉપયોગ કરે છે) તેમની ટિપ્પણીઓને તદ્દન હાસ્યાસ્પદ બનાવી દીધી હતી.' આ સંકટની સૌથી વધુ અસર એશિયાઈ દેશો પર પડશે, કારણ કે કતારના કુલ નિકાસનો 75 ટકા ભાગ ચીન, ભારત, તાઈવાન અને પાકિસ્તાન જેવા દેશોમાં જાય છે. ગેસની અછતને કારણે વૈશ્વિક બજારમાં કિંમતો વધશે, જેનાથી ભારત અને પાકિસ્તાન જેવા દેશો ફરીથી કોલસાના ઉપયોગ તરફ વળી શકે છે. યુરોપમાં પણ ગેસના ભાવ જાન્યુઆરીના મધ્યથી અત્યાર સુધીમાં બમણા થઈ ગયા છે. તેલના સંકટથી વિપરીત, એલએનજીનું આ સંકટ માત્ર માર્ગ બંધ થવાનું નથી, પરંતુ ઉત્પાદન ક્ષમતા ખોરવાઈ જવાનું છે, જેની અસર લાંબા સમય સુધી વર્તાશે.

### ગુજરાત વિધાનસભામાં...

નાગરિક કાયદાની દિશામાં પ્રયત્ન કરવાની વાત કરવામાં આવી છે. ઉપરાંત, સમવર્તી યાદી મુજબ લગ્ન, છૂટાછેડા અને વારસા જેવા વિષયો પર કેન્દ્ર અને રાજ્ય બંને કાયદા બનાવી શકે છે.

### યુપીનું લોની...

ભારતનું લોની સૌથી પ્રદૂષિત શહેર હતું, જેમાં વાર્ષિક સરેરાશ PM2.5 સાંદ્રતા 112.5 □g/m□ નોંધાઈ હતી - જે 2024 થી લગભગ 23 ટકાનો વધારો છે અને WHOની માર્ગદર્શિકા કરતા 22 ગણાથી વધુ છે. આ વર્ષના અહેવાલની પાછલા વર્ષ સાથે સરખામણી કરતા, 54 દેશોએ PM2.5 ની વાર્ષિક સરેરાશમાં વધારો અનુભવ્યો, 75 માં ઘટાડો જોવા મળ્યો, બે યથાવત રહ્યા અને 12 દેશો આ વર્ષના ડેટાસેટમાં નવા ઉમેરાયા હતા.

### સંસદના સંબોધનમાં...

આપ્યું હતું. મોદીજીએ કહ્યું કે કોવિડ જેવો સમય આવી રહ્યો છે. તેઓ ભૂલી ગયા છે કે ત્યારે શું થયું હતું, કેટલા લોકોના મોત થયા હતા અને કેવા પ્રકારની દુર્ઘટનાઓ સર્જાઈ હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકારને આવા મુદ્દાઓની કોઈ સમજ નથી.

### અમેરિકાના ટેક્સાસની...

ક્ષમતા ધરાવે છે. આ રિફાઈનરીમાં ક્રૂડ ઓઈલમાંથી ગેસોલિન, ડીઝલ અને જેટ ફ્યુઅલ બનાવવામાં આવે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં રિફાઈનરીમાંથી આગની જ્વાળાઓ અને કાળો ધુમાડો નીકળતો જોઈ શકાય છે. કેટલાક સ્થાનિક લોકોએ જણાવ્યું કે વિસ્ફોટ એટલો જોરદાર હતો કે તેમના ઘરની બારીઓ પણ ધ્રૂજી ઉઠી હતી. હાલમાં પર્યાવરણ વિભાગની ટીમ એર મોનિટરિંગ સાધનો સાથે ત્યાં પહોંચી ગઈ છે અને હવાની ગુણવત્તા પર નજર રાખી રહી છે.

### પાકિસ્તાન વિશ્વનો...

માત્ર 13 દેશો અથવા પ્રદેશો - ફ્રેન્ચ પોલિનેશિયા, પ્યુર્ટો રિકો, યુએસ વર્જિન આઈલેન્ડ્સ, બાર્બાડોસ, ન્યુ કેલેડોનિયા, આઈસલેન્ડ, બર્મુડા, રિયુનિયન, એન્ડોરા, ઓસ્ટ્રેલિયા, ગ્રેનાડા, પનામા અને એસ્ટોનિયાએ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની વાર્ષિક સરેરાશ PM2.5 માર્ગદર્શિકાનું પાલન કર્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે, 143 માંથી 130 દેશો અથવા પ્રદેશો (91 ટકા) WHO ની વાર્ષિક સરેરાશ PM2.5 માર્ગદર્શિકાના મૂલ્ય કરતાં વધુ પ્રદૂષિત હતા. પાંચ સૌથી પ્રદૂષિત દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ, તાજિકિસ્તાન, ચાડ અને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો હતા. વિશ્વના 25 સૌથી પ્રદૂષિત શહેરો ભારત, પાકિસ્તાન અને ચીનમાં આવેલા હતા, જેમાં ભારત સૌથી વધુ પ્રદૂષિત ચાર શહેરોમાંથી ત્રણનું ઘર છે. દક્ષિણ આફ્રિકાનું ન્યુવોઇવિલે વિશ્વનું સૌથી સ્વચ્છ શહેર હતું, જેની વાર્ષિક સરેરાશ PM2.5 સાંદ્રતા 1.0 g/m હતી. રિપોર્ટમાં જણાવાયું છે કે, 2025 માં, જંગલમાં લાગેલી આગની પ્રવૃત્તિઓએ એવા પ્રદેશોને ગંભીર રીતે અસર કરી હતી જેણે ઐતિહાસિક રીતે પ્રમાણમાં ઓછા PM2.5 સ્તરનો અનુભવ કર્યો હતો. પરિણામે, 2024માં 17 ટકાની સરખામણીએ 2025 માં માત્ર 14 ટકા વૈશ્વિક શહેરો જ WHO ની વાર્ષિક PM2.5 માર્ગદર્શિકાને પૂર્ણ કરી શક્યા હતા.

### હાલમાં તમામ...

અસરો લાંબા સમય સુધી ચાલુ રહેવાની શક્યતા છે અને નાગરિકોને દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવા આહવાન કર્યું હતું. 'યુદ્ધની ગંભીર આડઅસરો' તરફ ધ્યાન દોરતા વડાપ્રધાને કોવિડ-19 સામેના રાષ્ટ્રીય પ્રતિસાદને યાદ કર્યો હતો, જ્યારે નિષ્ણાતોના અધિકારપ્રાપ્ત જૂથોએ પડકારોનો સામનો કરવામાં મદદ કરી હતી. તેમણે કહ્યું કે આ સાત અધિકારપ્રાપ્ત જૂથો યુદ્ધના પરિણામોનો સામનો કરશે અને બળતણ, ખાતર, ગેસ, સપ્લાય ચેઈન અને ફુગાવા અંગે વ્યૂહરચના વિકસાવશે. રાજ્યસભામાં આપેલા નિવેદનમાં તેમણે પશ્ચિમ એશિયામાં શાંતિની પુનઃસ્થાપના માટે વાતચીત અને મુત્સદ્દીગીરીને જ એકમાત્ર ઉકેલ ગણાવતા ભારતના વલણનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે ભારત તણાવ ઘટાડવા પર ભાર મૂકવા માટે ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા સહિતના તમામ પક્ષોના સતત સંપર્કમાં છે. યુદ્ધને કારણે ભારત માટે કાચું તેલ, ગેસ અને ખાતર સહિતની આવશ્યક વસ્તુઓના પુરવઠામાં અભૂતપૂર્વ પડકારો ઊભા થયા હોવાનું સ્વીકારતા વડાપ્રધાને કહ્યું હતું કે હવે આગળ વધવા માટે આત્મનિર્ભરતા જ એકમાત્ર વિકલ્પ છે. મોદીએ કહ્યું કે આવી ગંભીર પરિસ્થિતિમાં એ જરૂરી છે કે ભારતીય સંસદના આ ઉપલા ગૃહમાંથી સમગ્ર વિશ્વમાં શાંતિ અને સંવાદનો એકીકૃત અવાજ જાય. જો પશ્ચિમ એશિયા સંકટ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો ગંભીર પરિણામો નિશ્ચિત છે, તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે યુદ્ધ દરમિયાન પણ ભારતીય જહાજોના સુરક્ષિત માર્ગને સુનિશ્ચિત કરવા માટે મુત્સદ્દીગીરી દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે વ્યાપારી જહાજો પરના હુમલા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં વિક્ષેપ અસ્વીકાર્ય છે.

### દિલ્હી ડાયરી...

ઇન્ટરવ્યુનો ઉલ્લેખ કર્યો હતો જ્યાં પીએમએ દાવો કર્યો હતો કે, વાદળછાયા વાતાવરણમાં એરસ્ટ્રાઈક કરવાથી ભારતીય ફાઈટર જેટ્સ પાકિસ્તાની રડારથી બચી શકશે.

### મોદીએ ટ્રમ્પ...

કરી હતી. ગોરે સોશિયલ મીડિયા પર કહ્યું કે, તેમણે મધ્ય પૂર્વની વર્તમાન સ્થિતિ અને હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી રાખવાના મહત્વ સહિતના મુદ્દે ચર્ચા કરી હતી. ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે તેમણે પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચે વ્યૂહાત્મક રીતે સ્થિત શિપિંગ લેન, હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટે ઈરાન માટેની સમયમર્યાદા લંબાવી છે અને તેઓ પાંચ દિવસ સુધી ઈરાની ઉર્જા મથકો પરના હુમલા રોકી રાખશે.